# <u>પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત ખેડુત પાઠશાળા-વ- કૃષિ પ્રદર્શન યોજાયુ</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત એક દિવસીય ખેડુત પાઠશાળા-વ- કૃષિ પ્રદર્શન કાર્યક્રમ તા. ૦૨/૦૪/૨૦૧૬ના રોજ ૧૦:૦૦ કલાકે યોજવામાં આવેલ જેમાં આણંદ જિલ્લાના ખેડૂત ભાઇઓ તથા બહેનોએ ખુબ જ મોટી સંખ્યામાં ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આણંદ જિલ્લાના માન.સંસદ સભ્યશ્રી દિલીપભાઈ પટેલ, અધ્યક્ષ સ્થાને માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ, ડો.એન.સી.પટેલ, અતિથિ વિશેષ તરીકે માન.શ્રી પૂનમભાઇ માધાભાઇ પરમાર ધારાસભ્યશ્રી, સોજિત્રા, શ્રી દિપેશસિંહ એમ. મહિડા, તા.પં. પ્રમુખશ્રી સોજીત્રા, શ્રી વિપુલભાઇ પટેલ આણંદ જીલ્લા ઉપપ્રમુખશ્રી ડૉ. વી.આર. બોધરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ, શ્રી. પી. એન. શુક્લા, નાયબ બાગાયત નિયામકશ્રી, આણંદ તથા શ્રીમતી શેફાલી વૈદ્ય, આસી. મેનેજર, એગ્રીકલ્ચર ઇન્સ્યોરંસ કંપની હાજર રહેલ.

શ્રીમતિ અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત), કે.વિ.કે., દેવાતજ દ્વારા વિવિધ જાતોના ફળ, શાકભાજી, મૂલ્યવર્ધિત બનાવટો તથા ગૃહ સુશોભનની બનાવટોના પ્રદર્શનનુ આયોજન કરવામાં આવેલ જેમાં ૧૨૦ જેટલા ભાઇઓ તથા બહેનોએ તેમના નમુનાઓ સાથે ભાગ લીધેલ માન.સંસદ સભ્યશ્રી દિલીપભાઈ પટેલના હાથે પ્રદર્શન ખુલ્લુ મૂકવામાં આવેલ ડૉ. જી. જી. પટેલે મહાનુભાવો તેમજ ખેડૂતોનું શાબ્દીક તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યુ. અતિથિ વિશેષ શ્રી પૂનમભાઇ માધાભાઇપરમારે આણંદ જીલ્લાના ખેતી પાકોને ધ્યાને લઇ પ્રગતીશીલ ખેડુતોની જેમ બીજા ખેડુતોને આધુનીક પધ્ધતિઓ અપનાવી ખેતી કરવા જણાવ્યું ઉપરાંત બાગાયતી પાકોની નવીનતમ તાંત્રીકતાઓ અપનાવી ખેતી કરવા સુચન કર્યું

શ્રીમતી શેફાલી વૈદ્યે પ્રધાનમંત્રી પાક વિમા યોજનાની વિસ્તૃત માહિતી આપી અને જણાવ્યું હતું કે ખેડુતો પાક વીમો લેવાનો આગ્રહ રાખે અને તેનાથી થતા ફાયદા વિશે માહિતગાર થાય. શ્રી દિપેશસિંહ એમ. મહિડાએ ખેડૂતોને ટેકાના ભાવો મળે છે તે ખૂબ જ ઓછા હોય ખેડૂતોને વધુ ભાવ મળે તે માટે રાજ્યના તમામ સંસદ સભ્યોને કેન્દ્રમાં રજૂઆત કરવા તથા ખેડુતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા સૂચન કર્યું માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ, ડો.એન.સી.પટેલે ખેતી પદ્ધતિમાં સુધારો કરવા, ગુણવત્તાભર્યું ઉત્પાદન આપવા, સજીવ ખેતી, કૃષિ પેદાશોની મુલ્યવર્ધન કોઓપરેટીવ સોસાયટી બનાવવા તેમજ જમીનને પુનર્જીવિત કરવા સૂચન કર્યુ

માન.સંસદ સભ્યશ્રી દિલીપભાઈ પટેલે જણાવ્યું કે શ્રી નરેંદ્રભાઇ મોદી દેશના એવા પ્રથમ વડાપ્રધાન છે જેઓને ખેડુતોની ચિંતા છે. આ વખતનું બજેટ સંપૂર્ણ ખેડુતો માટે છે. આણંદ જીલ્લામાં ખેડુતો પાક વીમો લેવા માટે ઉત્સાહીત નથી જેના પર તેમણે ચિંતા વ્યકત કરી. કૃષિ મહોત્સવમાં કૃષિ યુનિવર્સીટીના કુલપતિશ્રી અને સર્વે વૈજ્ઞાનીકો આકરી ગરમીમાં પણ સક્રિય ભાગ લે છે તે બદલ અભિનંદન પાઠવેલ. ખેડુત મહિલાઓને કૃષિલક્ષી ગૃહ ઉદ્યોગ ઉભો કરવા માટે લોન અપાવવાની ખાતરી આપી તેઓને પ્રોત્સાહીત કર્યા. ખેડુતોને આગામી ખરીફ પાક માટે સમયસર પાક વીમો લઇ લેવાની વિનંતી કરી

કાર્યક્રમની શરૂઆતમાં ડો એસ. બી. કાટોલે, વડાશ્રી, કે.વિ.કે., દેવાતજે પધારેલ ખેડુત અને મહિલાઓનું સ્વાગત કરી નવીનતમ પાક વિમા યોજનામાં ખેડુતોને મુંઝવતા પ્રશ્નોની ચર્ચા કરી હતી. પ્રગતિશીલ ખેડુત અને મહિલાઓએ તેમની આધુનીક ખેતી વિષેની ચર્ચા કરેલ આ કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન શ્રીમતી અમીતાબેન પરમારે વૈજ્ઞાનિક (બાગાયત) કરેલ હતુ. જેમાં કેન્દ્રના બધા વૈજ્ઞાનિકો અને કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવામાં ખુબ જ ઉત્સાહપુર્વક કામગીરી બજાવેલ આ કાર્યક્રમના અંતે શ્રી વાય. સી. લકુમ વૈજ્ઞાનિક (એગ્રોનોમી)એ સર્વેનો આભાર વ્યકત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરી

## પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત ખેડુત પાઠશાળા-વ-પ્રદર્શન કાર્યક્રમની ઝાંખી

**(તા.૦૨/૦૪/૨૦૧૬)**



ડો.એન.સી.પટેલ, માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદનું ઉદબોધન



માન.સંસદ સભ્યશ્રી દિલીપભાઈ પટેલનું ઉદબોધન



મહાનુભાવો દ્વારા કૃષિ પ્રદર્શનની મુલાકાત



મોટી સંખ્યામાં પધારેલ ખેડૂત બહેનો તથા ભાઇઓ